# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

મોખરે ધપે હસી હસી જવાન ડોસલો !
સર્વ સાથ – કોઈ ના – બધું સમાન : એકલો !
રાષ્ટ્રદેવ ! રાષ્ટ્રપ્રાણની પીછે સહુ ધસ્યા !
એક એ અનંતમાંથી સિંધુ સાત ઊમટ્યા !

- કૃષ્ણલાલ શ્રીધરાણી

## પાથેય

- રમેશ ઠક્કર

# દાંડીયાત્રાના દિવસે...

બારમી માર્ચે આવે એટલે દાંડી યાત્રા યાદ આવી જાય.ભારતની આઝાદી માટેની લડાઇ આખરી? તબક્કામાં હતી એ વખતે ઇ.સ.૧૯૩૦ માં ખંધા અંગ્રેજ શાસકોએ ભારતમાં જ પેદા થતા નમક એટલે કે મીઠા ઉપર મનસ્વી કાયદો કરી લોકો ઉપર કર લાદયો..આયુષ્યના છ દાયકા વટાવી ચૂકેલા મહાત્મા ગાંધીએ એ ક્રૂર કાયદા સામે સાબરમતી આશ્રમથી દાંડી સુધી જનજાગૃતિ માટેની યાત્રા કરી પ્રચંડ પ્રતિકારનું રણશિંગું ફૂંક્યું..આ યાત્રાને એવું જનસમર્થન મળ્યું કે લોખંડી ગણાતા બ્રિટિશ શાસનના પાયામાં લૂણો લાગી ગયો..એ ઐતિહાસિક કૂચના અગ્રેસર મહાત્મા ગાંધીનો ઉત્સાહ જોઇ કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીએ એમને "જવાન ડોસલો" સંબોધન કરી અદભુત કાવ્ય લખ્યું છે..આ યાત્રા વિશે રમેશ પટેલ આકાશદીપનું સંકલન રસપ્રદ છે.

"અંગ્રેજોએ રોજિંદા વપરાશની રસોડાની જરૂરિયાત નમક પર આકરો વેરો નાખ્યો.અને પૂ.ગાંધીજીનો પુણ્ય પ્રકોપ જાગ્યો. સરકારને તેમણે નોટીસ આપીપઅમે અહિંસાથી સવિનય કાનૂન ભંગ કરી..મીઠું ઉપાડશું.

વિશ્વભરની નજર આઝાદીના સંગ્રામ પર મંડાયેલી હતી..ને બ્રીટીશ મહારાજ્યને પડકારવા પ૧૯૩૦ની સાલમાં ગાંધીજીએ જન ચેતના જગાવવા, નવસારીથી ૨૦ કિલોમિટર દૂરના અજાણ્યા 'દાંડી' ગામની ની પસંદગી કરી કહ્યું કે..મારો આત્મા કહેછે કે..'આ મનુષ્યની નહીં , ઈશ્વરની પસંદગી છે'.

અમદાવાદના સાબરમતી આશ્રમથી ૨૪૧ માઈલ લાંબી પદયાત્રા માટે ગાંધીજીએ હાકલ કરી.ભારતના ખૂણે ખૂણેથી જુવાનીઓ આવવા લાગ્યા.સત્યાગ્રહ માટે ગાંધીજીએ આકરી તાવડીમાં તપાવી કસકાઢી..ફક્ત ૮૦ ચુનંદા સાથીઓની પસંદગી કરીપસ્વરાજ્યને સ્થાપવાના બે રસ્તા છે..એક ડાંગ મારવાનો એટલે કે હિંસાનો ને બીજો..આ અહિંસાનો સવિનય ભંગપસામેથી દંડા ખાવાનો..યાતના દેશમાટ સહેવાનો.આ મુક્તિ સંગ્રામમાં હું સૌથી પહેલી મારી જાતને સરકાર સામે હોડમાં મૂકીશ.

અમદાવાદ, ખેડા, આણંદ ,વડોદરા, ભરુચ, સુરત થઈ નવસારી પછી બોદાલી, કરાડી , મટવાડ થઈ દાંડી પહોંચીશુંપનીકળીશું..૧૨મી માર્ચ,૧૯૩૦ના દિવસે સાબરમતીથી.

'દાંડીકૂચ'પપોતડી પહેરેલો ગાંધી..મનમાં નિશ્ચય સાથે બોલ્યોપઆપણી યાત્રાનું ધામ છેપ'દાંડી' આ લડતનાં મંડાણ છે..ને સ્વતંત્રતા દેવીનાં દર્શન કરવા સુંધીપમારા મનમાં અશાન્તિ રહેશે ને અંગ્રેજ સરકારને શાન્ત રહેવા દઈશ નહીં.સ્વરાજની લડત છે..દેશવાસીઓ જાગો. ગાંધીજીના પગલે પગલે પછીતો જન મહેરામણ ઉમટવા લાગ્યો.જુવાનને શરમાવે એવી ચાલથીપબાપુ દોડ્યા..સૌને દોડાવ્યાપને પાંચમી એપ્રીલે, ઉગતી ઊષાએ કરાડી ગામથી 'દાંડી' જવા નીકળ્યા ત્યારે તો 'જન આંદોલન' વિશ્વકક્ષાએ પડઘમ દેવા લાગ્યુંપદાંડી..દાંડીપએક જ નાદ આકાશને આંબવા લાગ્યો.

૬ એપ્રીલ, ૧૯૩૦ના ઐતિહાસિક દિવસેપગાંધીજી પોતાના સૈનિકો સાથેપદરિયામાં સ્નાન કરી, પ્રાણના જોખમે, ચપટી મીઠું ઉપાડી સવિનયભંગ કરતાં કહ્યું કેપ'ગરીબ વર્ગના દષ્ટિબિંદુથી , આ કાયદો મને સૌથી વધારે અન્યાયી લાગ્યો છે, સરકારનો નમક કાયદો, આ હું તોડું છું, સરકારે મને પકડવો હોયતો પકડે.'.બીટીશ રાજ્ય હચમચી ઊઠ્યું..સાબરમતીથી નીકળેલી આ યાત્રા દાંડીના દરિયે..દરિયાજેવી ઘૂઘવતી દેખાઈ.એ રાત્રે..બાપુ વહોરા કોમના યજમાનના 'સૈફીવિલા' બંગલે રાત્રે રોકાયાપએ આજે સ્મારક બની..રાજ્ય સરકાર દ્વારા..''ગાંધી પુસ્તકાલય'' મ્યુઝીયમ તરીકે સંચાલિત થઈ પ્રેરણા આપે છે.

# હેપ્પી (?) સોમવાર !!!

એક બિલાડી ઓદું વકાસીને બેઠી છે ને નીચે લખ્યું છે ' ઇટ્સ મંડે '.. એક બેબલી વિચારે છે કે કેમ સોમવારથી શુક્રવાર બહુ દૂર છે ને શુક્રવાર સોમવારથી સાવ નજીક..??.. પોતાની જાતે જ પોતાને ચાવી ભરતો એક માણસ કહે છે કે ' ચાવી ભરી લેવા દો , આજે સોમવાર છે '.. રોતલા ફેસ સાથે કેપ્શન છે ' ઇટ્સ મંડે અગેન '.. એક સીલ માછલી ઢસડાતી ઢસડાતી જઈ રહી છે અને કેપ્શન છે ' મી ટુવાર્ડ્ઝ માય ઓફિસ ઓન મંડે '..!! કહેવાય સપ્તાહની શુભ શરૂઆતનો દિવસ પણ સોમવારે જએવું સોશિયલ મીડિયા ખોલો કે આ અને આવા મંડેની માથાકૂટના મેમ્ઝ તમારો જીવ ખાઈ જાય.. જી હા.. મંડે બોલે તો સોમવાર આનાથી પણ વધુ અળખામણો છે.. કહી ને છે જ..!!!! પણ વાંક આમાં અકળામણ કરતાં વધુ આ મૂઆ મંડે બોલે તો હોમવારનો જ છે. જો શનિ-રવિની ડબલ રજા હોય તો એ નહીં તો ખાલી વિકેન્ડ હોય તો એમાં પણ જાણે કે પલક જપક્તા જ રવિવારને ખાઈ જઈને સોમવાર પ્રગટ થઈ જાય છે..આપણને કેવાનું મન થઈ જાય કે ભૂંડા હજુ હમણાં તો રવિવાર હતો ત્યાં તુ ચ્યોથી આયો દિયોર ???.. તમારા હમ એટલી દાયજુ ચડે ને આ હોમવાર ઉપર પણ થાય શું હે ?

આ પેલું ફેબ્રુઆરીના મીડલથી જ માર્ચ એન્ડીંગ શરૂ થઈ જાય ને બિલકુલ એવું જ આપણી હારે સોમવારના નામે થાય છે.. એ ય ને જે ભૂરો કે ભૂરી શુક્રવારની સાંજે કે શનિવારની સાંજે ઓફિસથી છૂટતી વખતે એકદમ ઉત્સાહિત હોય છે એ જ ભૂરો કે ભૂરી સોમવારની સવારે જાણ્યે કોઈ પરાણે ઓફિસ મોકલતું હોય ને એમ ટાંટિયા ઢસડતા હોય છે અને બેકગ્રાઉન્ડમાં વાગતું હોય છે ' ઇસ અંજુમન મે આપ કો આના હૈ બાર બાર..!!! ઓફીસુંમા તો સોમવારે સવારની બે-ત્રણ કલાક તો કોઈને બોલાયવા જેવા નો હોય એવા નિહાકા નાખતા હોય..!!!! ઘણાય તો ઓફિસની દીવાલું ને એમ જોયા કરતાં હોય કે જાણ્યે કોઈ દી જોઈ જ ના હોય..!!!! માંગો કોઈ ફાઇલ ને આપી દયે કોક બીજી જ ફાઇલ એવું તો સોમવારની સવારે ઓફીસુંમાં હાવ કોમન..!!! ઓફીસુંની જ વાત નીકળી છે તો એવું થાય કે માઉસને ટીવીનું રિમોટ હમજી લ્યે કે પછી પાણી પીવા બોટલ મોઢે માંડે તો એમ થાય કે આમાંથી મિલ્કશેક કા નો નીકળ્યો ? કે પછી એક્સેલની વર્કશીટમાં કંપેરિઝન સર્કલમાં પિત્ઝા દેખાય..!!!! હસવાની વાત નથી પણ ખરેખર ઓફિસમાં સોમવારની સવારના બે-ચાર કલાક આવા ભ્રમો થયાં કરે.. ભલે ને તમે કબૂલ કરો કે ના કરો..!!!!

ને ખાલી ઓફિસ જ શું કામ હે ? જે લોકો ઘરગૃહસ્થી સંભાળે છે.. આઈ મીન ગૃહિણીઓ કે બીજા લોકો એમને પણ સોમવારે જરા એવું તો લાગે જ કે ઘર ખાલી ખાલી લાગે છે કે પછી બે દિવસ બહુ પાણીપુરીઓ ને પિત્ઝાઓ ઠબકાર્યા છે તો આજે તો કોબો-બટેટો કે રીંગણું કેમનું ભાવશે ???? ને સામે છેડે પણ ઓફિસમાં લંચ ટાઈમે ખુલેલ ટિફિનમાં આવું જ કઈક જોઈને હલકો નિસાસો તો નાખી જ જવાય..!!! આમ તો શું છે કે ભલે એમ કહેવાતું હોય કે શુક્રવાર કે પછી અમુક કેસોમાં શનિવારે લોકો વધુ ઉત્સાહી હોય છે કેમકે નેક્સ્ટ ડે હોલિડે જો હોય છે પણ હકીકતે સર્વે એવું કહે છે કે અસલમાં રજાની મસ્તીનાં ખ્યાલો લોકોને બુધવારથી જ શરૂ થઈ જાય છે. જી હા સહી સમજે કામકાજમાં સૌથી વધુ સ્ફૂર્તિ બુધવારે જોવા મળે છે કેમકે આગળ કહ્યું એમ શુક્રવાર નજીકમાં હોય છે ને..!!! અને અંગ્રેજીમાં એના માટે સરસ વાક્ય છે કે ' થેંક્સ ગોડ.. ઇટ્સ ફ્રાઈડે '..!!

મૂઆ મંડેની બીક તો જુઓ કે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડે તો ઓફિસિયલી અઠવાડિયાનો સૌથી વધુ ખરાબ દિવસ પણ જાહેર કરી દીધેલો. જો કે આ એક મજાક હતી પણ ટ્વિટર પર આના તરફેણમાં અને વિરોધમાં લોકોની મસ્ત મસ્ત પ્રતિક્રિયાઓ આવેલી ને એમાંથી સૌથી કોમન પ્રતિક્રિયા એક જ હતી કે ' યાર.. રવિવાર પછી આ સોમવાર આવે છે જ શું કામ ?'..!!!! ઘણાએ તો એવી પણ માંગ કરેલી કે કેલેન્ડરમાંથી સોમવાર જ ગુમ કરી દો. જો કે જવાબમાં ઘણા જ્ઞાનીબાબાઓએ જ્ઞાન આપેલું કે ભયલા.. રવિવાર પછી મંગળવાર આવે તો પણ ઓફિસે કે કામધંધે તો જવું જ પડે એટલે જે છે એને સ્વીકારી લો ને કા તો રવિવારે જલસા માપમાં કરો..!!!! બોલે તો મન્ડે ના હોત તો ટ્યુસડે હોત..પણ વિકેન્ડની વાટ લગાવવા કૈક ને કૈક તો હોત જ..!!! પોઈન્ટ નોટેડ કે આ જલસાવાળી વાત મુદ્દાની થઈ.. રવિવારે ગળા સુધીના જલસા કરો તો પછી સોમવારે ' યે કહા આ ગયે હમ ' જેવુ જ લાગે ને..?????

જગતભરમાં સૌથી હેટેડ કોઈ દિવસ હોય તો એ મંડે છે અને એમાં બિલકુલ મતભેદ છે જ નહીં. ખેર , વાત હળવાશમાં લેવા જેવી બિલકુલ છે જ નહીં.. કેમકે જગતભરમાં મંડે સિન્ડ્રોમ નામે એક આખી સિસ્ટમ છે જે માનવમન અને એની સ્ફૂર્તિને અસર કરે છે. મનોવૈજ્ઞાનિકોએ તો આના પર પણ સંશોધનો કરેલા છે. સંશોધન મુજબ લોકોને સોમવાર પહેલા પૂછ્યું કે ' શું લાગે છે ? સોમવાર કેવો જશે ?' લગભગ લોકોએ એવી શંકા બતાવી કે બહુ બેકાર.. ભંગાર... હેક્ટિક.. નીરસ કે સુસ્ત જવાનો પણ મનોવૈજ્ઞાનિકોના આશ્ચર્ય વચ્ચે આ જ સવાલ મંગળવારે જરા ઉલટાવીને પૂછાયો કે ' કેવો રહ્યો સોમવાર ? ' તો મોટાભાગના લોકોએ એવો જવાબ આપ્યો કે ' ધાર્યો હતો એટલો ખરાબ પણ નહોતો '..!!! ઇન્ફેક્ટ ઘણા કેસીસમાં તો લોકોનો મૂડ રવિવાર કરતાં પણ વધુ સારો જોવા મળ્યો. આ મુડવાળું પણ મજાનું છે. રવિવાર ની રજામાં હટીને મજા-મસ્તી કર્યા પછી મન-શરીર હળવું અને પ્રફુલ્લિત હોય છે એવામાં સોમવારે ઓફિસમાં કે ધંધામાં કે ઘરમાં કામકાજમાં વધુ એકાગ્રતા.. વધુ ચોકકસતા કે વધુ સ્ફૂર્તિ જોવા મળે છે અને આ ઘણા બધા કેસમાં સાબિત પણ થઈ ચૂકેલું છે.



રજ્જળપાટ

અજય ઉપાધ્યાય

આપણે વાત ખાલી ઓફિસ-ઓફિસની કર્યા કરીએ છીએ પણ હકીકત એ છે કે ઘણા બધા ધંધાર્થી એવા છે કે જેમના માટે સોમવાર નવી સવાર લઈને આવતો હોય છે. રવિવારની રજા પછી ધંધામાં ગરાગી હોય કે પછી શેરબજાર જેવા માટે આજે શું થશે ની ઉત્સુક્તા હોય. ખેર થોડા પોઇન્ટ્સ કેમ સોમવાર આટલો અળખામણો છે અને એને વહાલો બનાવવાના ઉપાય શું એના પણ જોઈ લઈએ. એક તો રજાઓ પછી આવે એટલે ઓછો ગમે છે અને બીજું કે રજાઓની સાથે કંપેર કરીએ છીએ એટલે ઓછો ગમે. એ જ રીતે સોશિયલ મીડિયામાં સોમવાર વિષે ફેલાતી નેગેટિવ ઇમેજ કે પછી રજાઓ પછી સોમવારના હાર્ડવર્ક માટે તૈયાર ના હોવું જેવા કારણો તો છે જ પણ સોમવારને પણ રવિવાર જેવો ઉલ્લાસભર્યો બનાવી શકાય છે અને એના માટે એક તો ' આઈ હેટ મંડે ' બંધ કરી દો બીજું કે સોમવારને પણ બીજા વાર ની જેમ જ જુઓ. રવિવારની સાંજથી જ માનસિક રીતે સોમવારની તૈયારી શરૂ કરી દો કે પછી રજાઓમાં એટલા બધા પણ જલસા ના કરો કે મન-મગજ સોમવારે સાથ ના આપે. એ ઉપરાંત એક એવો પણ ઉપાય છે કે શુક્રવારે પેન્ડિંગ બધુ જ પતાવી નાખો કે જેથી ઉઘડતી અદાલતે વર્કલોડ ઓછો રહે. સોમવારે પહેલું કામ એવું હાથમાં લો કે જે તમને ગમતું હોય એનાથી મન્ડેની મનહુસ અસર ઓછી થશે અને તમે જલ્દીથી વર્ક અવરમાં ગોઠવાઈ જશો. ને સૌથી આસાન ઉપાય છે કે સોમવારને પણ શનિવાર સમજીને કામ કરો..!!!! જોક્સ એપાર્ટ હકીકત એ છે બબૂઆ કે તમે જેટલો માનો છો એટલો સોમવાર ખરાબ પણ નથી હોતો અને ગામના વાદે તમે પણ જેટલી ઉહુ-આહા ને હો હા સોમવારના નામે કરો છો એટલી તમારા દિલમાં હોતી પણ નથી કેમકે તમને ને મને ખબર હોય છે કે સોમવાર પછી પાછો રવિવાર આવવાનો જ છે !!!

akurjt@gmail.com

# છગન ઉવાચ; મહિલાઓએ પુરુષોનું રક્ષણ કરવું જોઈએ...

આ વર્ષે મહિલા દિવસ પર અનેક કાર્યક્રમો યોજાયા. અમે ખાસ મહેનત કરીને છગનલાલનું જ્યાં પ્રવચન હતું એ હોલમાં ગયા. અમને એમ હતું કે અનેક મહિલાઓ હશે, ગણમાન્ય શ્રોતાઓ હશે. સહનશક્તિ વિકસી હોય એવા કર્ણબલી પુરુષો હશે. પણ અમારા આશ્ચર્ય વચ્ચે કુલ છ માણસો જેમાં બે સ્ત્રીઓ અને ચાર પુરુષો હતા. જાણે અમે એમનું ફેસબુકનું પેજ વાંચી રહ્યા હોય એવું લાગે. એ આખા જગતનાં બણગાં ફુંકતાં હોય, બ્રહ્મપુત્રના કિનારે મેં આમ કહેલું અને થેમ્સ નદીની બોટમાં બેસીને તેમ કહેલું, પણ ફેસબુક પર બે કે ત્રણ જણાએ એમની એ પોસ્ટ જોવાનું કષ્ટ ઉઠાવ્યું હોય, અને આ પૃથ્વી પરની સાત અબજની વસ્તીમાંથી એક મનુષ્યે કોમેન્ટ કરી હોય. પણ અમે તો પે'લા ચાર પુરુષોમાંના એક હતા. આખું દ્રશ્ય જોતાં જ અમે તત્ત્વજ્ઞાનની તંદ્રામાં સરી પડ્યા. જાત બોલી ઉઠી; ફાઇનલી, અંતે તો માણસને ચાર જ માણસની જરૂર પડે છે, એ તો અને એટલા તો આવ્યા છે !!

અમે આવા કશા જાતસંવાદમાં ઉતર્યા સિવાય હોલની એ પવિત્ર શ્રોતાપીઠ પર બેઠા. કેટલીયે વાર આ હોલમાં પ્રવચન દીધા હોવાથી દિવાલોએ પરિચિતતાપૂર્વક હસવાનું ટાળ્યું. અમને છગનલાલનું એ વાક્ય ચોંટી ગયું, એ બોલ્યા હતા, ; " આ જગતમાં સ્ત્રીઓએ કહેતાં મહિલાઓએ પુરુષોનું રક્ષણ કરવું જોઇએ."

અમે મનોમન આખા મનુષ્યના ઇતિહાસમાં ઉંડા ઉતરી ગયા. ઝાંસીની રાણી લક્ષ્મીબાઇના ઘોડાના પગલાં કે હણહણાટ સાંભળવા પ્રયત્ન કરતા હતા ત્યારે હોલનો બગડેલો પંખો અવાજ કરીને અમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડતો હતો. અમે આંખો બંધ કરીને વક્તા, શ્રોતા અને પરિવેશ ભુલીને ઉંડા ઉતર્યા ત્યારે દેખાયું કે પુરાણકાળથી સ્ત્રીઓ પુરુષોનું રક્ષણ કરતી આવી છે. શુક્રાચાર્ય જેવા ઋષિઓએ દેવો સાથે રહીને ગાયેલા શક્રાદય સ્તોત્રની વસંતતિલકા છંદમાં ગુંથાયેલી શ્લોકમાલાના ગુંજનથી અમે ભાવવિભોર બની ગયા. ત્યાં જ છગનલાલ બોલ્યા, ' સ્ત્રીદાક્ષિણ્યને લોકો હસવામાં લે છે એને લીધે આપણું અધઃપતન થઇ રહ્યું છે.' છગનલાલનો અવાજ કર્કશ હોવા છતાં જિજ્ઞાસુ શ્રોતાઓ પોતાની અલ્પતા ભુલીને ખુરશીને ચોંટી રહ્યા હતા એ ખુબ જ પ્રેરણાદાયક દ્રશ્ય હતું.

છગનલાલનું પ્રવચન સાંભળીને અમારી કર્ણેન્દ્રિયને જે નશો ચઢ્યો હતો તે પ્રવચન-પીધેલા કાન લઈને અમે સુન્દરલાલના છોકરાના લગ્નમાં પહોંચી ગયા. ત્યાં ગુલાબી મંડપ નીચે ભયાનક તાપમાં ઉભેલા -સગા વધારે અને વહાલા ઓછા એવા- સગાવહાલાંના અતિ લઘુટોળાને સંબોધી રહ્યા હતા. 'અમારો પીન્ટુડો કહે, પપ્પા મને હજી ઓગણપચાસ જ થયા છે પણ આજે મહિલા દિવસે પરણીને મારે એક મહિલાને મારું આખું જીવન સોંપી દેવું છે..' વાત કરતાં કરતાં સુંદરલાલનો ચહેરો ગરમીથી વધારે અને મંડપથી ઓછો પણ ગુલાબી થતો રહ્યો હતો..

આવી સુંદર વ્યવસ્થા વચ્ચે બધા આખા પ્રસંગને માણી રહ્યા હતા યારે એક કુંવારા જેવો લાગતો જીન્સ અને ટીશર્ટ પહેરેલો યુવાન આવ્યો. એના હાથમાં મોટો થેલો હતો. એમાં ઘણા બધા સાફાઓ હતા. એની આવીને જાહેર કર્યું, 'વરપક્ષના અગત્યના પુરુષોને સાફા બાંધવાના છે, જે લોકો ઓતાને અગત્યના માનતા હોય એ આગળ આવે. છગનલાલનો એક શિષ્ય પ્રોફેસર ગમ્મતીલાલ આગળ આવ્યા. એ આમેય છગનલાલ પાસેથી એવો એક પાઠ શીખેલા કે આપણે અગત્યના માણસ છીએ એવું માનવાની શરુઆત આપણાથી જ કરવી. એ સાફા બંધાવતા હતા ત્યારે મને અમારા એક જુના મિત્રએ પુછ્યું, 'તમને સમજાય છે કે આ સાફાઓ કેવળ પુરુષોને જ કેમ બાંધવામાં આવે છે.' અમારે અનેક વખત જવાબ આપવામાં ત્રીસ સેકન્ડ જેટલો સમય જાય છે પણ આ વખતે ત્વરિત બુધ્ધિનો ઉપયોગ કરીને કહી દીધું, 'અહીં લગ્ન પ્રસંગ છે, અહીં મગજ વાપરવાનું નથી તો એને બાંધી રાખવું જોઇએ એ આપણા સામાજિક ડહાપણનો અર્ક છે. અહીં મહિલાઓને સાફા બાંધવામાં નથી આવતા કારણ એમને જુની બહેનપણી કે સગી-મહિલાઓને ચેટ-જીપીટીની ચોકસાઇથી નણંદ અને સાસુઓની માહિતી આપવાની હોય છે. બીજું, લગ્નના ગીતો ગાવા આવેલી ગાયિકાઓની સાથે લિપ્સીંગ કરીને બધાને જણાવવાનું હોય છે કે આ બધા ગીતો અમને આવડે છે. આ અને આવા માનસિક પરિશ્રમો માટે માથું ખુલ્લું રહે તે જરૂરી છે.'



હમજ્યા મારા ભૈ !

ભાગ્યેશ જહા

અમે લગ્ન મંડપમાં બેઠા હતા ત્યાં એક અમારા મહેસાણાના અસ્સલ જીજે-ટુ ફ્લેવરની ભાષામાં ગરમ ગરમ વાતો પીરસતા એક મહાશય જીપી એટલે કે ગાંડા-પશા કહેતા હતા. 'ભાગ્યેશભૈ, તમે ઇમ ના માંનતા કે કવિતા અને ગીતો તમન જ મુઢે રેં' છે.. ' એમના ખુબ જ લાંબા લઘુપ્રવચનનો સાર એ હતો કે 'હમ ભી કીસીસે કમ નહી'... એમને તાજેતરમાં એક ઘરમાં છોકરીના જોવા જવાના પ્રસંગની વાત કરતા હતા. અમે સખત વાંધો લીધો. મેં કહ્યું, 'આ છોકરી જોવાના શબ્દ સામે જ મને વાંધો છે, છોકરી કંઇ જોવા-બતાડવાની વસ્તુ છે, તમે કોઇ સાડીને દુકાનમાં ઓછા ગયા છો..' મારો ગુસ્સો જોઇને એમને કહ્યું, 'માફ કરો, અમે ઓછું ભણેલા એટલે આવી ગરબડ થઈ ગયી, પણ કવિતાનો શોખ તો અમને પણ પાક્કો ! અમે તો હામેવાળાને તમારા ભઈબંધ રાજેશ વ્યાસ મિસ્કીનનો શેર સંભળાવી દીધો,

"તારું બધું જો હોય તો છોડીને આવ તું,
તારું કશું ના હોય, તો, છોડી બતાવ તું..'

આ છોડી બતાવ તું એટલું બોલ્યો એના સાથે હાજર તમામની કવિતાપ્રીતિમાં સુનામી જેવી ભરતી આવી અને તાલીઓ પડી....

અમે મનોમન છગનલાલને યાદ કરતા હતા કે આ સમાજને હવે મહિલાઓના હવાલે સોંપી દેશું તો જ પુરુષોના મગજની રક્ષા થશે....

# તમને સારું સારું ગમે કે સાચું સાચું...??

નદીનું દરિયા તરફ પ્રવાહીત થવું... વહેવું એ તેની નિયતિ છે. જે તેનાં અસ્તિત્વનો સૂર્યોદય અને સૂર્યાસ્ત બંને છે. ત્યાં માત્ર સરવાળો થાય છે. તર્ક, સંભાવનાઓ બધું હોલવાઈ જઈ, માત્ર સમર્પણ, વિશુદ્ધ ભાવની આહુતિ અને અક્ષાની આરપાર જઈને ઓતપ્રોત થવાનો મનોભાવ જ માત્ર હોય છે.

**ઉપર ઉપરથી કંઈ જ હોતું નથી..**
**ઊંડા ઉતરો તો કંઈક અર્ક મળે...!!**
**પીડા પર પીડા, ને તકલીફની ચરમસીમા...**
**કંઈક ઓગળો તો અક્ષ મળે...!!**
**"અહમશૂન્ય" બની જવાની વિભૂતિ જોઈ છે!!**
**"તું"ને "હું" ભુસાઈ માત્ર "તું" જ બને તો તત્ મળે.....**

આપણને "તરત" નો વિકલ્પ હંમેશા ગમે છે. "સ્થાયી" નો વિકલ્પમાં કડવાહટ અને કઠિનતાનું મૂલ્ય વધુ હોવાથી અવગણતા જ હોઈએ છીએ. માટે જ લાગણીમાં "સમર્પણ" કરતાં "અર્પણ" અને "તર્પણ" ને વધારે મહત્વ આપવામાં આવે છે. શબ્દોની રસાળતા બધાને ગમે પણ શબ્દોની સત્યતા કેટલીકવાર દઝાડે, મોટેભાગે વગાડે, એટલે અપ્રિય જ લાગે. પણ જીવનનું સાચું સાતત્ય પ્રસ્થાપિત કરવા અને જીવંતતાને અકબંધ રાખવા તો ઓરીજનલીટીની જ વેલ્યુ હંમેશા વધારે રહેવાની. જે માટે શબ્દોના રસાસ્વાદ અને દંભની ચમક દમક કરતા તેની પાછળ રહેલી "પારદર્શકતા", "સત્યતા" અને "પ્રમાણિકતા" પર ભરોસો વધારે મુકજો.

અપરિપક્વતા ઉદ્ધતાઈને જન્મ આપે,
જ્યારે સત્યતા મક્કમતા ને જન્મ આપે.

જીવનમાં ડગલેને પગલે "કોયડાઓ" આપવા એ જીવનનો સ્વભાવ છે. અગણિત વ્યથાઓમાંથી દુનિયાનો સૌથી અઘરો દાખલો તમને ગણવા આપ્યો છે, એવું જ્યારે ફીલ થાય છે. ત્યારે સમજજો કે એ દાખલા રૂપની સંબંધ કે વ્યક્તિ પોતે જ વણઉકલ્યો છે, ખુદની પાસે. "સંદર્ભ સાહિત્ય" તરીકે આપણને ઈશ્વરે મોકલ્યા છે એક નિમિત બનીને . "સાંદિપની" જેવાં સંબંધો જીવનની પારાસીસી નક્કી કરે છે. તમને તમારામાં સાચું જીવતા શીખવે છે. જે આત્મા સાથે જડાઈ ગયેલાં હોય છે. જેની સાથે જાત વહેંચી શકીએ છીએ અને તેની જાતમાં માઈક્રો એન્જિનિયરિંગ કરી ગૂંચવાડાઓ દૂર કરવાની ક્ષમતા પણ તેની જ હોય છે.



પમરાટ

મિત્તલ પટેલ

માટે ચોઈસ પોતાની હંમેશા "સાચાં"ની રાખવી, "સારાં"ની નહીં. તો "સારપ" અને "સત્વ" બંને સાંપડશે. કંઈક શાશ્વત પામ્યાની અનુભૂતિ થશે. કંઈક "પામ્યા" ની અનુભૂતિ થશે, બાકી મેળવવું તો બહુ સહેલું હોય છે.

**આમ તો વણઉકેલાયા જ રહી જશો...**
**જોજો ઉકલી જાઓ તે પહેલા ,**
**ઉકેલાઈ જાવ "સ્વ" ને તો જીવન સાર્થછે...!!**
**આમ તો સંભાળી લેશો ખુદને...**
**જોજો તર્ક બંધ જીવતાં,**
**અંતરમનને સાંભળી શકતાં થાવ તો**
**જીવન યથાર્થ છે...!!**